અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની વ્યક્તિલક્ષી યોજનાઓ તેમજ આદર્શ નિવાસી શાળા, ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો તેમજ ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમ શાળાઓ, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની યોજનાઓ, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની યોજનાઓ, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની યોજનાઓમાં અનુસૂચિત જાતિના Benchmark disabilities ધરાવતા દિવ્યાંગ લાભાર્થીઓ માટે ૫% અનામતની જોગવાઈ કરવા બાબત

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**ઠરાવ ક્રમાંક: SJED/ASO/e-file/17/2024/1158/G Section**

**સચિવાલય, ગાંધીનગર**

**તા.૦૭/૧૨/૨૦૨૪**

**વંચાણે લીધા:**

(૧) ભારત સરકારના કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ RPWD ACT, 2016 તા.૨૮/૧૨/૨૦૧૬

(૨) નામ. સુપ્રિમકોર્ટની Writ Petition(c) No.116/1998 with Civil Appeal No.11938/2016માં "Justice Sunanda Bhandare Foundation V/s Union of India & Ors."નો ચુકાદો

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો પત્ર ક્રમાંક: અજાક/મ/ગ-૧/ગ/૬૨૮૯-૬૨૯૫/૨૦૨૪ તા.૦૧/૧૦/૨૦૨૪

**આમુખ:**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના RPWD, ACT, 2016 ની કલમ-૩૭ની જોગવાઈ તથા વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના ચુકાદા અન્વયે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૦૧/૧૦/૨૦૨૪ના પત્રથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની વ્યક્તિલક્ષી યોજનાઓ તેમજ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની યોજનાઓ , ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની યોજનાઓ, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની યોજનાઓમાં અનુસૂચિત જાતિના Benchmark disabilities ધરાવતા દિવ્યાંગ લાભાર્થીઓ માટે ૫% અનામતની જોગવાઈ કરવા તેમજ તે પૈકી Benchmark disabilities ધરાવતી દિવ્યાંગ મહિલાઓને અગ્રતા આપવા તેમજ આદર્શ નિવાસી શાળા(અ.જા.,કુમાર/કન્યા), ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો(અ.જા.,કુમાર/કન્યા) તેમજ ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમ શાળાઓ(અ.જા.,કુમાર/કન્યા)માં અનુસૂચિત જાતિના Benchmark disabilities ધરાવતા દિવ્યાંગ લાભાર્થીઓ માટે ૫% અનામતની જોગવાઈ કરવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે RPWD, ACT, 2016 ની કલમ-૩૭ની જોગવાઈ અન્વયે નીચે મુજબના કોષ્ટકમાં નિર્દિષ્ટ અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની વ્યક્તિલક્ષી યોજનાઓ તેમજ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની યોજનાઓ , ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની યોજનાઓ, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની યોજનાઓમાં અનુસૂચિત જાતિના Benchmark disabilities ધરાવતા દિવ્યાંગ લાભાર્થીઓ માટે ૫% અનામતની જોગવાઈ કરવા તેમજ તે પૈકી Benchmark disabilities ધરાવતી દિવ્યાંગ મહિલાઓને અગ્રતા આપવા તેમજ આદર્શ નિવાસી શાળા(અ.જા.,કુમાર/કન્યા), ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો(અ.જા.,કુમાર/કન્યા) તેમજ ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમ શાળાઓ(અ.જા.,કુમાર/કન્યા)માં અનુસૂચિત જાતિના Benchmark disabilities ધરાવતા દિવ્યાંગ લાભાર્થીઓ માટે ૫% અનામતની જોગવાઈ કરવા આથી મંજૂરી આપવામાં આવે છે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Dec-2024 (11:08 AM)

| ક્રમ | નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ |
|---|---|---|---|---|
| ૦૧ | ડૉ.આંબેડકર આવાસ યોજના | બેંકેબલ યોજના | મહિલા સમૃધ્ધિ યોજના | મહિલા સમૃધ્ધિ યોજના |
| ૦૨ | કુંવરબાઈનું મામેરૂ યોજના | થ્રી વ્હીલર યોજના | પશુપાલન યોજના | માઈક્રોક્રેડિટ ફાયનાન્સ યોજના |
| ૦૩ | ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | પશુપાલન યોજના | વિભિન્ન નાના વ્યવસાય યોજના | મહિલા અધિકારીતા યોજના |
| ૦૪ | સત્યવાદી રાજા હરીશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના | નાના પાયાની યોજના | પેસેન્જર ઓટોરીક્ષા યોજના | સીધા ધીરાણ યોજના |
| ૦૫ | માનવ ગરીમા યોજના | ફોર વ્હીલરની યોજના | પેસેન્જર વાહન યોજના / માલવહક યોજના | પેસેન્જર રિક્ષા / ઈ–રિક્ષા / સી.એન.જી. રિક્ષા / લોડિંગ રિક્ષા |
| ૦૬ | ડૉ.પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના કાયદા સ્નાતકોને નાણાંકીય લોન / સહાય યોજના | મારૂતિસુઝુકી ઈકોવાન યોજના | મોબાઈલ ફુડ કોર્ટ વાન યોજના | વાહન યોજના |
| ૦૭ | ડૉ.પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના તબીબી સ્નાતક કક્ષાના ડૉકટરોને લોન / સહાય | મહિલા સમૃધ્ધિ યોજના | માઈક્રોક્રેડિટ ફાયનાન્સ યોજના – સ્વ સહાય જૂથ | જનરલ ટર્મ યોજના |
| ૦૮ | ડૉ.પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના તબીબી અનુસ્નાતક કક્ષાના ડૉકટરોને લોન / સહાય | માઈક્રો ક્રેડિટ ફાઈનાન્સ યોજના | ઉચ્ચ અભ્યાસ માટે ધિરાણ યોજના | પશુપાલન યોજના |
| ૦૯ | ડૉ.પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના વકીલોને નાણાંકીય સહાય યોજના | ટ્રેકટર | | ડૉ.આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના |
| ૧૦ | અનુસૂચિત જાતિના ખેડૂતોને ખેતીની જમીન ખરીદવા માટે નાણાંકીય સહાય યોજના | ફોર વ્હીલર લોડિંગ યોજના | | છૂટક ગટર સફાઈનું કામ કરતાં રોજમદાર/ સફાઈ કામદારોને ડિઝલ મશીન તેમજ સલામતીના સાધનો પૂરા પાડવાની યોજના |
| ૧૧ | અનુસૂચિત જાતિના નાના વ્યવસાયકારો માટે વ્યવસાયનું સ્થળ ખરીદવા માટે વ્યાજ સહાય યોજના | એજ્યુકેશન લોન | | ધોરણ ૧૦/૧૨ ની પરિક્ષામાં ઉચ્ચ ક્રમથી પાસ થયેલ સફાઈ કામદારના બાળકોને ઈનામ યોજના |
| ૧૨ | કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકિય સહાય યોજના | કોમ્પ્યુટર લેપટોપ યોજના | | શૈક્ષણિક લોન યોજના |
| ૧૩ | માઈ રમાબાઈ આંબેડકર સાતફેરા સમૂહ લગ્ન યોજના | ફુડકોર્ટ વ્હીકલ યોજના | | |
| ૧૪ | ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના | | | |
| ૧૫ | કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજના | | | |

ઉકત યોજનાઓની અગાઉ ઠરાવવામાં આવેલ અન્ય શરતો યથાવત રહેશે.

eSign

Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Dec-2024 (11:08 AM)

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઈલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૨૫/૧૧/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Dec-2024 (11:08 AM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલાય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં 4, 2જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ અમલવારી સુનિશ્ચિત કરવા સારું
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સેક્શન અધિકારીશ્રી (ક શાખા, જ શાખા, હ શાખા, છ-૧ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન , ગાંધીનગર તરફ અમલવારી સુનિશ્ચિત કરવા સારું
- ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, જીવરાજ મહેતા ભવન , ગાંધીનગર તરફ અમલવારી સુનિશ્ચિત કરવા સારું
- ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, કર્મયોગી ભવન , ગાંધીનગર તરફ અમલવારી સુનિશ્ચિત કરવા સારું
- સેક્શન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર ઠરાવ અપલોડ કરવાની વિનંતી સાથે
- સિલેક્ટ ફાઈલ – ૨૦૨૪